* M A N - 0 0 1 - 0 0 1 9 1 0 - 4 7 0 0 - 2 *

**MAN-001-001910** Seat No. ________

# B. A. (Sem. VI) (CBCS) Examination

**March / April - 2018**

## Gujarati : Paper - 17

***(Arvachin Gujarati Sahityano Itihas - II)***

**Faculty Code : 001**
**Subject Code : 001910**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : 70

**સૂચના** : (૧) ગુણભાર ધ્યાને રાખી ઉત્તર લખો.
(૨) દરેક પ્રશ્નના ગુણ સમાન છે.

૧ ગાંધીયુગની સાહિત્યના વ્યાવર્તક લક્ષણોનો પરિચય આપો. **૧૪**

**અથવા**

૧ ઈ.સ. ૧૯૫૬ પછીના ગુજરાતી સાહિત્યસ્વરૂપ ટૂંકીવાર્તા અને નવલકથા સ્વરૂપના પ્રવાહનો પરિચય આપો. **૧૪**

૨ નવલકથાકાર તરીકે ક. મા. મુનશીની સમીક્ષા કરો. **૧૪**

**અથવા**

૨ કવિ, નવલિકાકાર તરીકે સુરેશ જોશીનું સાહિત્યમાં પ્રદાન જણાવો. **૧૪**

૩ 'શર્વિલક' સાહિત્યકૃતિની સમીક્ષા કરો. **૧૪**

**અથવા**

૩ 'માનવીની ભવાઈ' સાહિત્યકૃતિનું મૂલ્યાંકન કરો. **૧૪**

૪ 'ગઝલ' સાહિત્યસ્વરૂપના ઉદ્ભવ-વિકાસ વિશે નોંધ લખો. **૧૪**

**અથવા**

૪ 'સૉનેટ'ની વિકાસરેખા આલેખો. **૧૪**

૫ કોઈ પણ **બે** વિશે નોંધ લખો : ૧૪

(૧) ગુજરાતી સાહિત્યિક સંસ્થાઓ

(૨) આદિવાસી અને લઘુમતી પ્રજાનું સાહિત્ય

(૩) કવિ સુંદરમ્

(૪) લોકસાહિત્ય સંપાદક ઝવેરચંદ મેઘાણી.

MAO-001-001623 Seat No. ________

# B. A. (Sem. VI) Examination

March / April - 2018

## Gujarati : Paper - 18

(ભાષાવિજ્ઞાન-૨) (ગુજરાતી ભાષાનો ઈતિહાસ અને સ્વરૂપ-૨)

*(New Course)*

**Faculty Code : 001**
**Subject Code : 001623**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : 70

**સૂચના :** (૧) આ પ્રશ્નપત્રમાં કુલ પાંચ પ્રશ્નો છે.
(૨) દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

૧ ગુજરાતી ભાષાના શબ્દભંડોળનો સદૃષ્ટાંત પરિચય કરાવો. ૧૪

**અથવા**

૧ ગુજરાતી શબ્દભંડોળમાં કાર્યશીલ અંગસાધક પ્રત્યયો - પૂર્વપ્રત્યયો અને પરપ્રત્યયોની વિસ્તૃત ચર્ચા કરો. ૧૪

૨ સમાસ એટલે શું ? તે સમજાવી, દ્વન્દ્વ-ઉપપદ અને કર્મધારય સમાસમાંથી કોઈ પણ બેની સદૃષ્ટાંત ચર્ચા કરો. ૧૪

૩ કૃદંતો એટલે શું ? કૃદંતોના પ્રકારો, પ્રયોગો અને અર્થની સમજૂતી આપો. ૧૪

**અથવા**

૩ ગુજરાતી ભાષાના વાક્યના પ્રકારો-કર્તરિ, કર્મણિ, પ્રેરક અને ભાવેપ્રયોગની ઉદાહરણ સાથે ચર્ચા કરો. ૧૪

[Contd....

૪ ક્રિયાવિશેષણોનો રૂપરચનાલક્ષી અને અર્થલક્ષી પરિચય આપો. ૧૪

**અથવા**

૪ ગુજરાતી ભાષામાં લિંગવ્યવસ્થા તેમજ લિંગભેદના અર્થો વિષે ચર્ચા કરો. ૧૪

૫ નોંધ લખો : (કોઈ પણ બે) ૧૪

(અ) નિપાતો

(બ) સંયોજકો અને તેના પ્રકારો

(ક) ગુજરાતી ભાષામાં પદક્રમ

(ડ) ગુજરાતી ભાષામાં વચન વ્યક્ત કરવાની રીતો તથા 'ઓ' પ્રત્યયના પ્રયોગની ખાસિયતો.

**MAP-001-001624** Seat No. ____________

# B. A. (Sem. VI) (CBCS) Examination

**March / April - 2018**

## Gujarati : Paper - 19

***(સાહિત્યના સિદ્ધાંતો - ૨) (New Course)***

**Faculty Code : 001**

**Subject Code : 001624**

Time : **2.30** Hours] [Total Marks : **70**

સૂચના : (૧) પ્રત્યેક પ્રશ્નની સામે ગુણભાર દર્શાવેલ છે.

(૨) બધા પ્રશ્નોના ઉત્તરો લખવાના છે.

૧ ભારતીય અને પાશ્ચાત્ય પરંપરા પ્રમાણે સાહિત્યના પ્રયોજનની ચર્ચા કરી શ્રેષ્ઠ પ્રયોજન કયું છે તેની વિગતે ચર્ચા કરો. **૧૪**

**અથવા**

૧ અનુભૂતિનું સાહિત્યમાં રૂપાંતર વિશે વિગતે ચર્ચા કરો. **૧૪**

૨ કાવ્યના હેતુ વિશે વિસ્તૃત નોંધ લખો. **૧૪**

**અથવા**

૨ " સાહિત્ય અને સમાજનો સંબંધ આદાન-પ્રદાનનો છે." આ વિધાનની ચર્ચા કરો. **૧૪**

૩ વિવેચન એટલે શું ? વિવેચનનાં કાર્યક્ષેત્ર વિશે નોંધ લખો. **૧૪**

**અથવા**

૩ વિવેચનની વિભાવના સ્પષ્ટ કરી, આદર્શ વિવેચકના ગુણો જણાવો. **૧૪**

૪ સાહિત્ય અને નીતિ વિશે સવિસ્તર નોંધ લખો. ૧૪

**અથવા**

૪ અભિવ્યક્તિ અને પ્રત્યાયન વિશે સવિસ્તર નોંધ લખો. ૧૪

૫ નીચેનામાંથી કોઈ પણ **બે** વિશે નોંધ લખો : ૧૪

(૧) સાહિત્ય અને સત્ય

(૨) ભાવન અને વિવેચન

(૩) વિવેચનના પ્રયોજન

(૪) સાહિત્યનું શ્રેષ્ઠ પ્રયોજન આનંદ.

---

* M A Q - 0 0 1 - 0 0 1 6 2 5 - 4 7 0 0 - 2 *

**MAQ-001-001625** Seat No. ______

# Third Year B. A. (Sem. VI) (CBCS) Examination

**March / April - 2018**

## Gujarati : Paper - XX

**(અર્વાચીન સાહિત્ય સ્વરૂપની કૃતિનો અભ્યાસ 'તત્ત્વમસિ')**

***(New Course)***

**Faculty Code : 001**
**Subject Code : 001625**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : 70

**સૂચના :** (૧) દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

(૨) દરેક પ્રશ્ન ફરજિયાત છે.

(૩) જમણી બાજુ પ્રશ્નોના ગુણ દર્શાવેલ છે.

૧ નવલકથા તરીકે ''તત્ત્વમસિ'' ની સમગ્રલક્ષી સમીક્ષા કરો. ૧૪

**અથવા**

૧ ''તત્ત્વમસિ''માં નિરૂપાયેલ આદિવાસી સમાજ-જીવનનું સવિસ્તર મૂલ્યાંકન કરો. ૧૪

૨ ''તત્ત્વમસિ'' નવલકથાનું કથાવસ્તુ વિસ્તાર પૂર્વક જણાવો. ૧૪

**અથવા**

૨ ''તત્ત્વમસિ'' નવલકથાને આધારે ધ્રુવ ભટ્ટની પાત્રાલેખન કલા વર્ણવો. ૧૪

૩ ''તત્ત્વમસિ'' નવલકથામાં નિરૂપાયેલ ભારતીય જીવનમૂલ્યોની વિસ્તૃત ચર્ચા કરો. ૧૪

**અથવા**

૩ ''તત્ત્વમસિ'' નવલકથાના ચાલક બળ તરીકે સુપ્રિયાનું પાત્રાલેખન કરો. ૧૪

૪ ''તત્ત્વમસિ'' વર્ણનોને આધારે ધ્રુવ ભટ્ટની ભાષાકલા જણાવો. ૧૪

**અથવા**

૪ ''તત્ત્વમસિ'' નવલકથા છે કે પ્રવાસકથા ? તે જણાવો. ૧૪

૫ નીચેનામાંથી કોઈપણ બે ટૂંકનોંધ લખો : ૧૪

(૧) ''તત્ત્વમસિ'' શીર્ષકની યોગ્યતા

(૨) ''તત્ત્વમસિ'' નો નાયક

(૩) ''તત્ત્વમસિ'' આરંભ અને અંત

(૪) ''તત્ત્વમસિ'' ના સંવાદો.

**MAR-001-001626** Seat No. ______

**B. A. (Sem. VI) (CBCS) Examination**

**March / April - 2018**

**Gujarati : Paper - XXI**

***(Prashist Kruti "Pruthvi Vallabh")***

***(New Course)***

**Faculty Code : 001**
**Subject Code : 001626**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (૧) દરેક પ્રશ્નની સામે ગુણાંક દર્શાવેલ છે.
(૨) કુલ પાંચ પ્રશ્નો છે.

૧ ઐતિહાસિક નવલકથા તરીકે ''પૃથિવી વલ્લભ''નું મૂલ્યાંકન કરો. **૧૪**

**અથવા**

૧ ''પૃથિવી વલ્લભ'' નવલકથાના ઐતિહાસિકતા વિશે ચર્ચા કરો. **૧૪**

૨ ''પૃથિવી વલ્લભ'' નવલકથામાં સંઘર્ષનું તત્ત્વ કલ્પનામાંથી આવ્યું કે તેનો ઐતિહાસિક આધાર છે. - સદષ્ટાંત ચર્ચા કરો. **૧૪**

**અથવા**

૨ ''પૃથિવી વલ્લભ'' નવલકથામાં નાટ્યાત્મકતાનું આલેખન ચર્ચો. **૧૪**

૩ ''પૃથિવી વલ્લભ'' નવલકથામાં ઐતિહાસિક તત્ત્વ આધાર સાથે જળવાયુ છે કે કેમ ? ચર્ચા કરો. **૧૪**

**અથવા**

૩ ''પૃથિવી વલ્લભ''માં પાત્રનિરૂપણ કળાની ચર્ચા કરો. **૧૪**

૪ ''પૃથિવી વલ્લભ'' નવલકથામાં મૃણાલના પાત્રનો વિગતે પરિચય કરાવો. **૧૪**

**અથવા**

૪ ''પૃથિવી વલ્લભ'' નવલકથાના આધારે મુંજના પાત્રનું ચરિત્ર ચિત્રણ નિરૂપો. **૧૪**

૫ નીચેનામાંથી કોઈ પણ બે વિશે ટૂંકનોંધ લખો : ૧૪

(૧) ''પૃથિવી વલ્લભ'' નવલથાનું શીર્ષક

(૨) ''પૃથિવી વલ્લભ'' નવલકથામાં સંઘર્ષનું નિરૂપણ

(૩) ''પૃથિવી વલ્લભ'' નવલકથામાં સંવાદો

(૪) ''પૃથિવી વલ્લભ'' નવલકથાની ભાષાશૈલી.

*M A S - 0 0 1 - 0 0 1 6 2 7 - 4 3 0 0 - 3*

**MAS-001-001627** Seat No. ___________

# B. A. (Sem. VI) (CBCS) Examination

**March / April - 2018**

## Gujarati : Paper - 22

**(અપઠિત : કાવ્યાસ્વાદ, ગદ્યવિવરણ, નિબંધ)**

***(New Course)***

**Faculty Code : 001**

**Subject Code : 001627**

Time : **2.30** Hours] [Total Marks : **70**

સૂચના : (૧) બધા જ પ્રશ્નો ફરજિયાત છે.

(૨) પ્રશ્નની જમણી બાજુ ગુણ દર્શાવ્યા છે.

૧ નીચેના કાવ્યનો આસ્વાદ કરાવો : ૧૪

આજ અંધાર ખુશબો ભર્યો લાગતો,
　　　　આજ સૌરભ ભરી રાત સારી,
આજ આ શાલની મંજરી ઝરીઝરી,
　　　　પમરતી પાથરી દે પથારી. આજ....
આજ ઓ પારથી ગંધને લાવતી
　　　　દિવ્ય કો સિન્ધુની લહરી લહરી;
આજ આકાશથી તારલા માંહીથી
　　　　મ્હેંકતી આવતી શી સુગંધી ! આજ....
ક્યાં, કયું પુષ્પ એવું ખીલ્યું, જેહના
　　　　મઘમઘાટે નિશા આજ ભારી ?
ગાય ના કંઠ કો, તાર ના ઝણહણે :
　　　　ક્યાં થકી સૂર કેરી ફૂવારી ? આજ...
હૃદય આ વ્યગ્ર જે સીર કાજે હતું
　　　　હરિણ શું, તે મળ્યો આજ સૂર ?
ચિત્ત જે નિત્ય આનંદને કલ્પતું,
　　　　આવિયો તે થઇ સુરભિ પૂર - ? આજ....

\- પ્રહલાદ પારેખ

અથવા

આકળવિકળ આંખકાન વરસાદ ભીંજવે
હાલકડોલક ભાનસાન વરસાદ ભીંજવે
ચોમાસું નભ વચ્ચે લથબથ સોળ કળાએ ઉગ્યું રે વરસાદ ભીંજવે
અજવાળું ઝોકાર લોહીની પાંગત સુધી પૂગ્યું રે વરસાદ ભીંજવે
નહીં છાલક, નહીં છાંટા રે વરસાદ ભીંજવે
દરિયા ઉભા ફાટ્યા રે વરસાદ ભીંજવે
ઘરમાંથી તોતિંગ ઓરડા ફાળ મારતા છૂટ્યા રે વરસાદ ભીંજવે
ધૂળ લવકતા રસ્તા ખળખળ વળાંક ખાતા ખૂટ્યા રે વરસાદ ભીંજવે
પગના અંતરિયાળપણાને ફળિયામાં ધક્કેલો રે વરસાદ ભીંજવે
નેવાં નીચે ભડભડ બળતો જીવ પલળવા મેલો રે વરસાદ ભીંજવે
બંધ હોઠમાં સોળ વરસની કન્યા આળસ મરડે રે વરસાદ ભીંજવે
લીલોધમ્મર નાગ જીવને અનારાધારે કરડે રે વરસાદ ભીંજવે
અહીં આપણે બે અને વરસાદ ભીંજવે
મને ભીંજવે તું તને વરસાદ ભીંજવે
થરથર ભીંજે આંખકાન, વરસાદ ભીંજવે,
કોને કોનાં ભાનસાન, વરસાદ ભીંજવે.

- રમેશ પારેખ

૨ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો : ૧૪

લોકગીત એ સાહિત્યનું મૂળ ધન કહેવાય. લોકવાર્તા જેમ ઇતિહાસ, પુરાણ અને નવલકથા ઇત્યાદિ અભિજાત સાહિત્યનો ઉગમ છે તેમ લોકગીતો પણ ખંડકાવ્ય અને મહાકાવ્ય, વીણાકાવ્ય અને ચારણકાવ્ય, નાટક અને ચમ્પૂ, દરેક રસાત્મક કૃતિનું મૂળ છે. લોકગીતોનું માધુર્ય વનલતાની શોભા જેવું સ્વભાવસુંદર હોય છે. કોઇ પણ સમાજનું સાચું સ્વરૂપ જોવું હોય તો તેના લોકગીત તરફ જોવું પડે.

- કાકાસાહેબ કાલેલકર

અથવા

સાચો શિક્ષક કદી વિદ્યાર્થી મટતો નથી. જ્ઞાનનું ક્ષેત્ર સદા વિસ્તરતું રહે છે. આથી તેમાં જૂની મૂડી પર વેપલો ખેડી શકાય નહીં. સાહિત્યનાં શિક્ષકની પહેલી શરત એ છે કે તે સાહિત્યનો સાચો વ્યાસંગી હોવો જોઇએ. સાહિત્યના મૂલ્યને પારખીને એની ઉચિત પરીક્ષા કરવી, એના ભાવિ વિકાસની શક્યતાઓ તરફ પોતાની સૂઝનાં બળે અંગુલીનિર્દેશ કરવો, એટલું જ નહીં, પણ એ શક્યતાઓ ચરિતાર્થ થાય તેને માટેની અનુકૂળ આબોહવા સરજવામાં પોતાની અધ્યયન પ્રવૃત્તિને ઉપકારક નીવડે એવી રીતે પ્રયોજવી એને એ પોતાનો ધર્મ હોવો જોઇએ.

- સુરેશ જોશી

૩ નીચેનો નિબંધ લખો : ૧૪

સાંપ્રત શિક્ષણની સમસ્યાઓ

**અથવા**

દશ્ય - શ્રાવ્ય માધ્યમો અને પ્રશ્નો

૪ નીચેનો નિબંધ લખો : ૧૪

સાહિત્ય અને સમાજાભિમુખતા

**અથવા**

સાહિત્ય અને જીવનમૂલ્યો

૫ નીચેના **ચાર** પૈકી કોઇ પણ **બે**ના જવાબ આપો : ૧૪

(૧) નવી પેઢીના પ્રશ્નો

(૨) સાહિત્ય અને ધર્મ

(૩) સાહિત્ય અને ટીવી

(૪) ગુજરાતી સાહિત્યની મારી પ્રિય સમાજાભિમુખ કૃતિ.

---

MAL-001-001602 Seat No. ________

## B. A. (Sem. VI) (CBCS) Examination

**March / April - 2018**

## Hindi : Paper-6

***(Compulsory) (Kurukshetra - Vyakran)***

***(New Course)***

**Faculty Code : 001**
**Subject Code : 001602**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : 70

**सूचना :**

(१) सभी प्रश्नों के उत्तर देना अनिवार्य है ।

(२) सभी प्रश्नों के अंक दाहिनी ओर निर्दिष्ट है ।

१ कवि दिनकर का जीवन परिचय देते हुए उनके व्यक्तित्त्व एवं कृतित्त्व पर प्रकाश डालिए । १४

**अथवा**

१ 'कुरुक्षेत्र' खण्डकाव्य की संक्षिप्त कथा अपने शब्दों में लिखकर उसके उद्देश्य पर प्रकाश डालिए । १४

२ खण्डकाव्य के लक्षणों के आधार पर 'कुरुक्षेत्र' की समीक्षा कीजिए । १४

**अथवा**

२ 'कुरुक्षेत्र' काव्य के आधार पर भीष्म पितामह की चारित्रिक विशेषताएँ स्पष्ट कीजिए । १४

३ 'कुरुक्षेत्र' खण्डकाव्य के आधार पर युधिष्ठिर का चरित्र–चित्रण कीजिए । १४

**अथवा**

३ " 'कुरुक्षेत्र' में दिनकरजी ने महाभारत के प्राचीन पात्रों के माध्यम से आधुनिक युगबोध प्रस्तुत किया है ।" समझाईए । १४

४ भावपक्ष एवं कलापक्ष की दृष्टि से 'कुरुक्षेत्र' का मूल्यांकन कीजिए । १४

**अथवा**

४ 'कुरुक्षेत्र' में वर्णित प्रमुख समस्याओं पर अपने विचार प्रस्तुत कीजिए । १४

५ (अ) हिन्दी प्राध्यापक के पद हेतु आवेदनपत्र तैयार कीजिए । ७

**अथवा**

(अ) बैंक में खाता खुलवाने के लिए पत्र का प्रारूप तैयार कीजिए । ७

(ब) शीर्षक देते हुए एक भावात्मक कहानी अपने शब्दों में लिखिए । ७

---